અહેવાલ સભાગૃહમાં રજૂ થયા
તારીખ: ૨૨/૦૯/૨૦૨૨

सत्यमेव जयते

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ

# દસમો અહેવાલ

**(આદિવાસી જિલ્લાઓમાં રસ્તાઓની સગવડ તથા માર્ગ અને મકાન વિભાગમાં અનુસૂચિત જનજાતિ વર્ગના અધિકારીઓ / કર્મચારીઓની નોકરીમાં ટકાવારી સંબંધિત તપાસ)**

## માર્ગ અને મકાન વિભાગ તથા વન અને પર્યાવરણ(વન) વિભાગ

ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઇ પટેલ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
૨૦૨૨

અહેવાલ સભાગૃહમાં રજૂ થયા
તારીખ: ૨૨/૦૯/૨૦૨૨

सत्यमेव जयते

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ

# દસમો અહેવાલ

**(આદિવાસી જિલ્લાઓમાં રસ્તાઓની સગવડ તથા માર્ગ અને મકાન વિભાગમાં અનુસૂચિત જનજાતિ વર્ગના અધિકારીઓ / કર્મચારીઓની નોકરીમાં ટકાવારી સંબંધિત તપાસ)**

## માર્ગ અને મકાન વિભાગ તથા વન અને પર્યાવરણ(વન) વિભાગ

ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઇ પટેલ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
૨૦૨૨

Hb-401-2022-SSD

©

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ

## (૨૦૨૧ – ૨૦૨૨ના વર્ષમાં પુનઃ રચના)

## પ્રમુખશ્રી

**શ્રી મોહનભાઇ ઢોડિયા**

## સભ્યશ્રીઓ

શ્રી અશ્વિનભાઇ કોટવાલ

શ્રી વજેસિંગભાઇ પણદા

શ્રી બચુભાઇ ખાબડ

શ્રી અભેસિંહ તડવી

શ્રી ગણપતભાઇ વસાવા

શ્રી આનંદભાઇ ચૌધરી

શ્રી સુનીલભાઇ ગામીત

શ્રી વિજયભાઇ પટેલ

શ્રી અરવિંદ સી. પટેલ

શ્રી રમણલાલ પાટકર

## ગુજરાત વિધાનસભા સચિવાલય

| | |
|---|---|
| શ્રી ડી. એમ. પટેલ, | સચિવ |
| શ્રી વિનોદ રાઠોડ, | ઉપ સચિવ |
| શ્રી જસ્મીન કાવઠિયા, | સેક્શન અધિકારી |

# અહેવાલ

હું ચૌદમી ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનો પ્રમુખ, સમિતિનો દસમો અહેવાલ રજુ કરું છું.

૨. સમિતિએ ૧૪ આદિવાસી જિલ્લાઓમાં વ્યાપ્ત રસ્તાઓની પરિસ્થિતિ તથા રક્ષિત વન્ય વિસ્તારોના રસ્તાઓ સંબંધમાં માર્ગ અને મકાન વિભાગની સાથે સાથે વન વિભાગની ઉપરાંત માર્ગ અને મકાન વિભાગમાં અનુસૂચિત જનજાતિ વર્ગના અધિકારીઓ/કર્મચારીઓની નોકરીમાં ટકાવારી સંબંધિત મહેકમની તપાસ હાથ ધરી હતી.

3. સમિતિની તા.૧૦/૫/૨૦૨૨, તા.૨૮/૬/૨૦૨૨ અને તા.30/૮/૨૦૨૨ના રોજ એમ કુલ-3 બેઠકો મળી હતી જેમાં વિભાગે મોકલી આપેલ તા. ૩/૨/૨૦૨૨ અને તા. ૧૦/૫/૨૦૨૨ના સાહિત્ય સંબંધમાં વિભાગના પ્રતિનિધિઓની રૂબરૂ તપાસ કરી હતી.

૪. સમિતિએ તેની તા.૨૦/૦૯/૨૦૨૨ના રોજ મળેલ બેઠકમાં અહેવાલના મુસદ્દા ઉપર વિચારણા કરી તેને મંજૂર કર્યો હતો.

૫. સમિતિએ આદિવાસી વિસ્તારના ૬૬ તાલુકાના ૯૫ ગામોના પાકા રસ્તાથી જોડવાના બાકી હોય અને મંજૂરી મળી હોય તેવા પાકા રસ્તાઓ સંબંધમાં પૃચ્છા કરતાં વિભાગે ઘણા રસ્તાઓ વન વિસ્તારમાંથી પસાર થતા હોઈ તે અભયારણ્ય કે અન્ય રીતે રક્ષિત વિસ્તાર ગણાતો હોઈ તે વન વિભાગના કાર્યક્ષેત્રમાં આવતા હોવાનું જણાવ્યું હતું.

૬. **સમિતિએ ધરમપુર વિસ્તારના ૫00 કિ.મી.ના રસ્તાઓના રીસરફેસ બાબતે પૃચ્છા કરતાં વિભાગે આ બાબત સરકારમાં ફાઈલ સબમીટ થઈ હોવાનું જણાવ્યું હતું. આ બાબતમાં શી પ્રગતિ થઈ તેવી સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.**

૭. **<u>સમિતિ આદિજાતિ વિસ્તારની શાળાઓ, આરોગ્ય કેન્દ્રો, આંગણવાડીઓ વિગેરેને સરકારના રૂરલ ડેવલપમેન્ટ પ્લાન હેઠળ રસ્તાઓ સાથે જોડવા અગ્રતા આપવા તથા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ આદિજાતિ વિસ્તારમાં એક ગામથી બીજા ગામને જોડતા ટૂંકા રસ્તાઓ બનાવવાની કામગીરીને અગ્રતા આપવાની સમિતિ ભલામણ કરે છે.</u>**

૮. **<u>રસ્તાઓના રિસરફેસીંગ માટે મતવિસ્તાર દીઠ મંજૂર કરવામાં આવતી ૫૦ કરોડની રકમની મર્યાદા વધારવા અને જિલ્લાના જે રસ્તાઓ ગ્રાન્ટની મર્યાદામાં ન આવતા હોય તેને રિસરફેસીંગ માટે જે તે પંચાયત હસ્તક મુકવા સમિત્તિ ભલામણ કરે છે.</u>**

૯. **<u>આદિજાતિ વિસ્તારોમાં નદી કિનારે આદીવાસી પ્રજાના આસ્થાના જે ધામો આવેલા છે ત્યાં નવા રસ્તા બનાવવા, રિસરફેસ કરવા તથા ચોમાસાની સિઝનમાં આવા ધામો સુધી પહોંચવા માટે પડતી મુશ્કેલી દૂર કરવા માટે તેમને પુલથી જોડવાની સમિતિ ભલામણ કરે છે.</u>**

૧૦. *સમિતિની તા.૧૦/૦૫/૨૦૨૨ અને તા.૨૮/૦૬/૨૦૨૨ના રોજ મળેલ બેઠકોમાં રસ્તાઓ સંબંધિત ચર્ચા દરમિયાન, કેટલાક રસ્તા વન વિભાગ હસ્તકના રક્ષિત વિસ્તારોમાં આવતા હોઈ આ અંગે હવે પછીની બેઠકમાં વન વિભાગને હાજર રાખવા નિર્ણય કર્યો હતો અને તદ્દઅનુસાર તા.30/0૮/૨૦૨૨ના રોજ માર્ગ અને મકાન તથા વન વિભાગની સંયુક્ત બેઠક રાખવામાં આવી હતી.*

૧૧. આ બેઠકમાં સમિતિએ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રસ્તા મંજૂર થયા હોય પરંતુ તેની કામગીરી શરૂ થઈ ન હોય તેવા જિલ્લા-તાલુકાના ગામોની વિગત માગતા વિભાગે મોટા ભાગના ગામોમાં કામો થઈ ગયા હોવાનું જણાવ્યું હતુ પરંતુ જ્યાં અભયારણ્ય વિસ્તાર આવેલા હોય ત્યાં મંજૂરી મળવામાં વિલંબ

થતો હોઈ તેવા વિસ્તારોમાં કામગીરી સમયસર થઈ શકતી ન હોવાનું પણ સમિતિએ જણાવ્યું હતું.

૧૨. **આદિવાસી વિસ્તારોમાં જી.આઈ.ડી.સી.ની નજીકના પાંચ કિલોમીટરમાં રસ્તાઓની કામગીરી માટે સર્વગ્રાહી વિકાસ સમિતિના સંકલનમાં રહી મજબૂત અને ટકાઉ રસ્તાઓ બનાવવાની તથા આદિવાસી વિસ્તારોમાં આવતા વન વિભાગ હેઠળના રક્ષિત વિસ્તારોમાં રસ્તાઓ બનાવવાની જરૂરિયાત જણાતી હોય ત્યાં વન વિભાગે જ આવા રસ્તાઓ બનાવવાની માર્ગ અને મકાન વિભાગને દરખાસ્ત કરવી જોઈએ તેવી સમિતિ ભલામણ કરે છે.**

૧૩. સમિતિએ તેની તા. ૧૦/૫/૨૨ અને તા. ૩૦/૮/૨૨ની બેઠકોમાં માર્ગ અને મકાન વિભાગમાં અનુસૂચિત જનજાતિ વર્ગના અધિકારીઓ/ કર્મચારીઓની નોકરીમાં ટકાવારી સંબંધિત અધૂરી તપાસ આગળ વધારી હતી.

૧૪. **સમિતિએ નાયબ કાર્યપાલક ઈજનેરની ૮૮ જગ્યાઓ ખાલી હોવા બાબત, જુનીયર કલાર્કની એસ.ટી. કેટેગરીની ૪૧ જગ્યાઓ ખાલી હોવા બાબત તથા વર્ક આસીસ્ટન્ટમાં એસ.ટી. કેટેગરીની ૭૮ જગ્યાઓ ખાલી હોવા બાબત સમિતિએ પૃચ્છા કરતા વિભાગે જણાવ્યું હતું કે આ બધી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા ચાલુ છે તેમ જણાવ્યું હતું. આ તમામ જગ્યાઓ વહેલી તકે ભરવા અને સમિતિને તેની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.**

ગાંધીનગર
તા.૨૦/૦૯/૨૦૨૨

**મોહનભાઈ ઢોડિયા**
**પ્રમુખ**
અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ
માટેની સમિતિ

----------

## સમિતિની ભલામણો

| ક્રમ નં. | ફકરાં ક્રમાંક | ભલામણ |
|---|---|---|
| ૧ | ૬ | રાજ્યમાં આદિજાતિની ઘનિષ્ટ વસ્તી ધરાવતા ૧૪ જિલ્લાઓમાં આવેલ ૨૫૦ થી ૫૦૦ કિ.મી.ના રસ્તાઓના રીસરફેસ બાબતે સરકારમાં ફાઈલ સબમીટ થઈ હોઇ આગળ  શી પ્રગતિ થઈ તેવી સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૨ | ૭ | સમિતિ આદિજાતિ વિસ્તારની શાળાઓ, આરોગ્ય કેન્દ્રો, આંગણવાડીઓ વિગેરેને સરકારના રૂરલ ડેવલપમેન્ટ પ્લાન હેઠળ રસ્તાઓ સાથે જોડવા અગ્રતા આપવા  તથા  મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ આદિજાતિ વિસ્તારમાં એક ગામથી બીજા ગામને જોડતા ટૂંકા રસ્તાઓ બનાવવાની કામગીરીને અગ્રતા આપવાની સમિતિ ભલામણ કરે છે. |
| ૩ | ૮ | રસ્તાઓના રિસરફેસીંગ માટે મતવિસ્તાર દીઠ મંજૂર કરવામાં આવતી ૫૦ કરોડની રકમની મર્યાદા વધારવા અને જિલ્લાના જે રસ્તાઓ ગ્રાન્ટની મર્યાદામાં ન આવતા હોય તેને રિસરફેસીંગ માટે જે તે પંચાયત હસ્તક મુકવા સમિત્તિ ભલામણ કરે છે. |
| ૪ | ૯ | આદિજાતિ વિસ્તારોમાં નદી કિનારે આદીવાસી પ્રજાના  આસ્થાના જે ધામો આવેલા છે ત્યાં નવા રસ્તા બનાવવા, રિસરફેસ કરવા તથા ચોમાસાની સિઝનમાં આવા ધામો સુધી પહોંચવા માટે પડતી મુશ્કેલી દૂર કરવા માટે તેમને પુલથી જોડવાની સમિતિ ભલામણ કરે છે. |
| ૫ | ૧૨ | આદિવાસી વિસ્તારોમાં જી.આઈ.ડી.સી.ની નજીકના પાંચ કિલોમીટરમાં રસ્તાઓની કામગીરી માટે સર્વગ્રાહી વિકાસ સમિતિના સંકલનમાં રહી મજબૂત અને ટકાઉ રસ્તાઓ બનાવવાની તથા આદિવાસી વિસ્તારોમાં આવતા વન વિભાગ હેઠળના રક્ષિત વિસ્તારોમાં રસ્તાઓ બનાવવાની જરૂરિયાત જણાતી હોય ત્યાં વન વિભાગે જ આવા રસ્તાઓ બનાવવાની માર્ગ અને મકાન વિભાગને દરખાસ્ત કરવી જોઈએ તેવી સમિતિ ભલામણ કરે છે. |
| ૬ | ૧૪ | નાયબ કાર્યપાલક ઈજનેરની ૮૮ જગ્યાઓ, જુનીયર ક્લાર્કની એસ.ટી. કેટેગરીની ૪૧ જગ્યાઓ, વર્ક આસીસ્ટન્ટમાં એસ.ટી. કેટેગરીની ૭૮ જગ્યાઓ ભરવાની પ્રક્રિયા ચાલુ છે જે તમામ જગ્યાઓ વહેલી તકે ભરવા અને સમિતિને તેની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. |

---------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.